## ખેડામાં વિકાસના નામે હાલાકી | ગટરના કામે સર્જ્યો 'નરક' જેવો માહોલ

# ખેડામાં દૂષિત પાણીથી ૧૫થી વધુ બીમાર !

**વોર્ડ નંબર ૬ માં** ૨૫ દિવસથી ચાલતી ગોકળગતિની કામગીરીથી રહીશો ત્રાહિમામ

(પ્રતિનિધિ) ખેડા તા.૩૦

ખેડા નગરપાલિકાના વોર્ડ નંબર ૬માં પરા કાછીયાવાડથી જુમ્મા મસ્જિદ સુધીના વિસ્તારમાં છેલ્લા ૨૫ દિવસથી ચાલી રહેલી ગટરની કામગીરી સ્થાનિકો માટે આશીર્વાદને બદલે શ્રાપ સમાન બની છે. તંત્રની ઘોર બેદરકારી અને એજન્સીની ગોકળગતિએ ચાલતી કામગીરીને કારણે આ વિસ્તારમાં પીવાના પાણીમાં ગટરના પાણી ભળતા રોગચાળો ફાટી નીકળ્યો છે, જેમાં અત્યાર સુધીમાં ૧૫થી વધુ ઝાડા-ઉલટીના કેસો નોંધાયા છે.

ખેડા શહેરમાં નવીન ગટર લાઈન નાખવા માટે જેસીબી મશીન વડે તોડફોડ કરવામાં આવતા પીવાના પાણીની પાઈપલાઈનોમાં ભારે નુકસાન થયું છે. જેના કારણે છેલ્લા ૧૫ દિવસથી આ વિસ્તારમાં પીવાના પાણીની વિકટ સમસ્યા સર્જાઈ છે. આટલું ઓછું હોય તેમ, વિસ્તારની મોટર પણ બગડી જતા રહીશો પાણીના એક-એક ટીપા માટે તરસી રહ્યા છે. પાલિકા દ્વારા રિપેરિંગની કામગીરી તો કરવામાં આવી છે, પરંતુ હજુ પણ અનેક ઘરોમાં દૂષિત પાણીની સમસ્યા યથાવત છે.



પાલિકા દ્વારા ગટરની કામગીરી માટે જૂનો રોડ તોડી નાખ્યા બાદ એજન્સીએ ૧૨ દિવસ સુધી કોઈ જ નિર્ણય લીધો ન હતો, જેના કારણે સ્થાનિકોમાં ઉગ્ર આક્રોશ ફાટી નીકળ્યો હતો. હાલમાં સ્થિતિ એવી છે કે રહીશોને ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ બન્યું છે. સ્થાનિક દુકાનદારોએ પણ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, છેલ્લા ૨૫ દિવસથી રસ્તાના અભાવે એક પણ ગ્રાહક દુકાને આવી શક્યો નથી, જેના કારણે તેઓનો ધંધો-રોજગાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયો છે.


### દુર્ગંધ અને રોગચાળાથી રહિશોમાં ફફડાટ

ખેડા શહેરના ઘણા રહીશોના ઘરોમાં ગટરના પાણી પાછા વળતા અસહ્ય દુર્ગંધને કારણે ઘરમાં રહેવું અશક્ય બન્યું છે. સ્ત્રોતો અનુસાર, ગટર અને પીવાનું પાણી મિશ્રિત થવાને કારણે પરા કાછીયાવાડ વિસ્તારમાં ૧૫થી વધુ લોકો બીમારીનો ભોગ બન્યા છે. સ્થાનિકોનો આરોપ છે કે નગરપાલિકાના એન્જીનીયરને જાણે આ પ્રશ્નોમાં કોઈ જ રસ ન હોય તેમ તેઓ કામગીરી જોવા પણ ડોકાતા નથી.

### ચોમાસા પહેલા કામ પૂરું કરવા અલ્ટીમેટમ

ચોમાસું બેસવાને હવે ગણતરીના દિવસો જ બાકી છે. જો વરસાદ પહેલા ગટર અને રોડનું કામ પૂર્ણ કરવામાં નહીં આવે, તો આ વિસ્તારની પરિસ્થિતિ અત્યંત ગંભીર બની શકે છે. સ્થાનિક રહીશો અને વહેપારીઓએ ચીમકી ઉચ્ચારી છે કે જો વહેલી તકે કામગીરી પૂરી નહીં થાય તો તેઓ પાલિકા કચેરીમાં ઉગ્ર આક્રોશ સાથે રજૂઆત કરશે.

## હનુમાનજી દાદાને ૨૫૧ કિલો કેરીઓનો દિવ્ય આમ્રકૂટ શણગાર



ખંભાત તાલુકાના વટાદરા ગામે આવેલ અને સમગ્ર પંથકમાં "મીની સાળંગપુર" તરીકે પ્રસિદ્ધ રોકડિયા હનુમાન મઢી મંદિર ખાતે હનુમાનજી દાદાને ૨૫૧ કિલો કેરીઓનો ભવ્ય અને અલૌકિક આમ્રકૂટ શણગાર અર્પણ કરવામાં આવ્યો હતો.હનુમાનજી દાદાની પ્રતિમા તેમજ ગર્ભગૃહને વિવિધ જાતની સુગંધિત અને ઉત્તમ ગુણવત્તાવાળી કેરીઓથી સજાવ્યું હતું. ૨૫૧ કિલો કેરીઓથી તૈયાર કરાયેલ આ ભવ્ય આમ્રકૂટ શણગાર ભક્તો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. દર્શન પૂર્ણ થયા બાદ ભગવાનને ધરાવવામાં આવેલી કેરીઓનો પ્રસાદ હજારો ભક્તોમાં વિતરણ કરવામાં આવ્યો હતો. ભક્તોએ પ્રસાદ ગ્રહણ કરી દાદાના આશીર્વાદ મેળવ્યા હતા. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે મંદિરના ટ્રસ્ટીગણ, સેવકો અને સ્વયંસેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## ગરમીથી બચવા દુકાનદારોએ વીજપોલ અને જીવંત કેબલ સાથે નેટ બાંધી

# કપડવંજ શહેરના મીના બજારમાં મોતના મુખ સમાન લીલી નેટ!

**વીજ કંપનીની** આળસના કારણે શોર્ટસર્કિટથી ભીષણ આગ લાગવાનો ભય

(પ્રતિનિધિ) કપડવંજ તા.૩૦

કપડવંજ શહેરના અત્યંત વ્યસ્ત ગણાતા મીના બજાર વિસ્તારમાં અત્યારે ગરમીથી રાહત મેળવવા માટે કરવામાં આવેલી એક કામચલાઉ વ્યવસ્થા સ્થાનિકો અને ગ્રાહકો માટે જીવનું જોખમ બની ગઈ છે. બજારના કેટલાક દુકાનદારોએ આકરા તાપથી બચવા માટે પોતાની દુકાનોની બહાર લીલી નેટના પડદા લગાવ્યા છે, પરંતુ આ પડદા લગાવવામાં ગંભીર બેદરકારી દાખવવામાં આવી છે.



કપડવંજના મીના બજારમાં લગાવવામાં આવેલા આ લીલા પડદા સીધા જ વીજળીના થાંભલા (વીજપોલ) અને જીવંત વીજ કેબલ સાથે બાંધવામાં આવ્યા છે. પવન ફૂંકાય ત્યારે આ નેટ હલે છે, જેના કારણે વીજ કેબલ ખેંચાય છે અને આસપાસની દુકાનોમાં વારંવાર વીજળી ગુલ થવાની સમસ્યા પણ સર્જાઈ રહી છે. આ ગંભીર બેદરકારીના દ્રશ્યો વાયરલ થતા સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બન્યા છે. સ્થાનિક લોકોમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે, કારણ કે જો વીજ કેબલમાં સામાન્ય શોર્ટસર્કિટ પણ થાય, તો આ લીલી નેટ પળવારમાં સળગી ઉઠે તેમ છે અને ગીચ બજારમાં ભીષણ આગ જેવી મોટી હોનારત સર્જી શકે છે.

કપડવંજ મીના બજાર જ નહીં, પરંતુ શહેરના અન્ય વિસ્તારોમાં પણ આ પ્રકારના જોખમી દ્રશ્યો જોવા મળી રહ્યા છે.

# ઉંઢેલા પાસે બે બાઈક અથડાતાં યુવાનનું મોત

**બાઈક સવાર દિયર-**ભાભી પટકાતા ઘવાયાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩૦

માતર તાલુકાના ઉંઢેલા ગામના રોડ પર બે મોટરસાયકલ વચ્ચે થયેલી સામસામી ટક્કરમાં એક યુવાનનું સારવાર દરમિયાન કરૂણ મોત નીપજ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, માલાવાડા ગામના રહેવાસી યાસીન નનુમીયા શેખ પોતાના શેઠનું હોન્ડા શાઈન બાઈક લઈને પોતાની ભાભી હમીદાબાનુ સાથે ઉંઢેલા ખાતે રહેતી બહેનને મળવા જઈ રહ્યા હતા. ગત તારીખ ૨૮મીના રોજ સવારે દસેક વાગ્યાના સુમારે માતર-ઉંઢેલા રોડ પરથી પસાર થતી વખતે સામેથી પૂરઝડપે આવી રહેલા હીરો સ્પ્લેન્ડર બાઈકના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં યાસીન અને હમીદાબાનુ બંને રોડ પર પટકાયા હતા.

આ અકસ્માતમાં યાસીનને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. બીજી તરફ ઈજાગ્રસ્ત હમીદાબાનુની સારવાર હોસ્પિટલમાં ચાલી રહી છે. આ ઘટના અંગે મૃતકના ભાઈ ફીરોજમીયા શેખે માતર પોલીસ સ્ટેશનમાં સ્પ્લેન્ડર બાઈક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણ્યા બાઈક ચાલક સામે ગુનો નોંધી તેને પકડવા માટેની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચારુસેટની વિદ્યાર્થિનીને ₹ ૪૬ લાખના વાર્ષિક પેકેજની ઓફર

**પૂજાએ** કોમ્પ્યુટર એન્જિનિયરિંગમાં બીજા જ વર્ષમાં એમેઝોનની ઈન્ટર્નશિપ મેળવી લીધી હતી

(પ્રતિનિધિ) આણંદ, તા.૩૦

સુરતની વતની અને આણંદમાં ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન ચંદુભાઈ એસ. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીમાં કોમ્પ્યુટર એન્જિનિયરિંગ વિભાગની વિદ્યાર્થિની પૂજા રામાણીએ વૈશ્વિક સ્તરે સફળતાનો ડંકો વગાડ્યો છે. પૂજાને વિશ્વની પ્રતિષ્ઠિત ટેકનોલોજી કંપની એમેઝોન તરફથી વાર્ષિક રૂ. 46.38 લાખના આકર્ષક પેકેજ સાથે ફૂલ-ટાઈમ જોબની ઓફર મળી છે.

મૂળ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના વંડા-ફાચરીયા ગામના વતની અને સુરતમાં સીમાડા નાકા, સૂર્યોદય સોસા.માં રહેતા એલઆઈસી એજન્ટ મહેશભાઈ રામાણી અને ગીતાબેન રામાણીની પુત્રી પૂજા રામાણીએ પોતાની પ્રતિભાના જોરે કોલેજના બીજા વર્ષમાં જ એમેઝોન ચેન્નાઈમાં 2 મહિનાની પ્રતિષ્ઠિત ઈન્ટર્નશિપ મેળવી હતી. ત્યારબાદ ઉત્કૃષ્ટ પ્રદર્શનને આધારે ત્રીજા વર્ષમાં ફરીથી 6 મહિનાની રિટર્ન ઈન્ટર્નશિપ માટે તેની પસંદગી થઈ હતી.

આ ઈન્ટર્નશિપ દરમિયાન એમેઝોનની કોર ટીમ સાથે ઓટોમેશન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત સોલ્યુશન્સ પર સફળતાપૂર્વક કામ કર્યા બાદ કંપની દ્વારા આ મેગા પ્લેસમેન્ટ ઓફર કરવામાં આવી છે.

### AI અને MLમાં અનેક રિચર્સ પેપર તૈયાર કર્યા છે



પૂજા રામાણીએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ પર અનેક રિસર્ચ પેપર્સ તૈયાર કર્યા છે. રોબોટિક્સ સ્પર્ધાઓ, રાષ્ટ્રીય કક્ષાની હેકાથોન અને ઈનોવેશન પ્રોજેક્ટ્સમાં ઉત્સાહભેર ભાગ લીધો છે. પૂજા રામાણીએ પ્રતિભાવ આપતા કહ્યું કે આ સિદ્ધિ મારા જીવનના નવા અધ્યાયની શરૂઆત છે. હું મારા માતા-પિતા, પરિવારની આભારી છું. મારી ઇન્ટર્નશિપ દરમિયાન યુનિ.નો ખૂબ જ સહકાર મળ્યો હતો.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### વડોદરા રેલવે મંડળના શતાયુ નિવૃત્ત કર્મચારી ઉમેદભાઈ પટેલનું સન્માન કરાયું



**આણંદ |** પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા ૧૦૦ વર્ષ પૂર્ણ કરનાર નિવૃત્ત એકાઉન્ટ આસિસ્ટન્ટ ઉમેદભાઈ પટેલનો પ્રતાપનગર ખાતે ગરિમામય સન્માન સમારોહ યોજાયો હતો. મંડળ રેલવે મેનેજર રાજૂ ભડકેએ તેમને શાલ અને પ્રશંસા-પત્ર અર્પણ કરી તેમના ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ જીવનની મંગલકામના કરી હતી. આ પ્રસંગે ઉમેદભાઈ પટેલે પોતાના કાર્યકાળના સંસ્મરણો વાગોળી નવી પેઢીને શિસ્ત, સમર્પણ અને સકારાત્મક જીવનશૈલી અપનાવવા પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમમાં વરિષ્ઠ રેલવે અધિકારીઓ અને કર્મચારીઓએ ઉપસ્થિત રહી શ્રી પટેલની નિષ્ઠાવાન સેવાઓને બિરદાવી હતી.

### નડિયાદ શહેરમાં ૭૯મી સ્વ. વિષ્ણુભાઈ દેસાઈ ગ્રીષ્મ વ્યાયામ શિબિર યોજાઇ



**નડિયાદ |** નડિયાદ સ્થિત ૧૦૮ વર્ષ જૂના દ.વી.સો. વ્યાયામ મંદિર ખાતે આયોજિત આ ૭૯મી શિબિરમાં ખેડા જિલ્લાના ૧૦૫થી વધુ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શિબિર દરમિયાન નિષ્ણાતો દ્વારા બાળકોને બાસ્કેટબોલ, વોલીબોલ, ટેકવોન્ડો, સ્કેટિંગ, ચેસ અને ચિત્રકલા જેવા વિવિધ વિષયોનું સઘન શિક્ષણ આપવામાં આવ્યું હતું. પૂર્ણાહુતિ સમારંભમાં પૂજ્ય નિર્ગુણદાસજી મહારાજ અને મનીષ દેસાઈ સહિતના મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિમાં બાળકોએ પોતાની કૃતિઓનું શાનદાર પ્રદર્શન કર્યું હતું.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### સંતરામપુર તાલુકા 'સ્વાગત' કાર્યક્રમમાં ૬માંથી ૫ પ્રશ્નોનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરાયો



**સંતરામપુર |** સંતરામપુર મામલતદાર કચેરી ખાતે નિવાસી અધિક કલેક્ટર સી. વી. લટાના અધ્યક્ષસ્થાને તાલુકા 'સ્વાગત' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં રજૂ થયેલા કુલ ૬ પ્રશ્નોમાંથી ૫ પ્રશ્નોનો વહીવટી તંત્ર દ્વારા સ્થળ પર જ નિકાલ લાવી અરજદારોને ત્વરિત સંતોષ પૂરો પાડવામાં આવ્યો હતો. નિવાસી અધિક કલેક્ટરએ અરજદારોને રૂબરૂ સાંભળી સંબંધિત વિભાગના અધિકારીઓને સંવેદનશીલ અભિગમ સાથે પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવા માર્ગદર્શન આપ્યું હતું. વિવિધ વિભાગોના તાલુકા કક્ષાના અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સ્થાનિક કક્ષાએ જ લોકોની રજૂઆતોનું નિવારણ લાવવાનો હતો.

### નડિયાદ પશ્ચિમમાં પુરુષોત્તમ માસ નિમિત્તે શ્રીમદ ભાગવત જ્ઞાન યજ્ઞનો ભવ્ય પ્રારંભ



**નડિયાદ |** નડિયાદ પશ્ચિમમાં પવનચક્કી રોડ સ્થિત વરિયા પ્રજાપતિ જ્ઞાતિની વાડીમાં પવિત્ર પુરુષોત્તમ માસ નિમિત્તે શ્રીમદ ભાગવત જ્ઞાન યજ્ઞનો મંગલ પ્રારંભ થયો છે. આ પ્રસંગે રામજી મંદિરના મહંત પરમેશ્વરદાસજી મહારાજ અને પૂર્વ મંત્રી જાનવીબેન વ્યાસ સહિતના અગ્રણીઓએ દીપ પ્રાગટ્ય કરી કથાને ખુલ્લી મૂકી હતી. કથામાં વક્તા પૂજ્ય જગદીશભાઈ સાધુ દ્વારા રામ-કૃષ્ણ જન્મ, ગોવર્ધન પૂજા અને સુદામા ચરિત્ર જેવા વિવિધ પ્રસંગોનું ભાવિકોને રસપાન કરાવવામાં આવી રહ્યું છે. સાત દિવસીય આ કથામાં દરરોજ સવારે ૮:૦૦ કલાકે વિદ્વાન બ્રાહ્મણો દ્વારા પિતૃ પૂજન તથા દેવ પૂજનની વિશેષ વિધિ સંપન્ન કરવામાં આવે છે.

### આણંદની જાગનાથ જ્યોતિષ વિદ્યાપીઠ દ્વારા નિ:શુલ્ક જ્યોતિષ વર્ગોનો પ્રારંભ થશે

**આણંદ |** આણંદમાં છેલ્લા ૨૨ વર્ષથી કાર્યરત જાગનાથ જ્યોતિષ વિદ્યાપીઠ દ્વારા આગામી ૩૧મી મે, ૨૦૨૬થી નિ:શુલ્ક જ્યોતિષ વર્ગોનું નવું સત્ર શરૂ થઈ રહ્યું છે. આ ત્રિવર્ષિય અભ્યાસક્રમમાં અનુભવી જ્યોતિષીઓ દ્વારા કુંડળી ગણિત, હસ્તરેખા, વાસ્તુશાસ્ત્ર, અંકશાસ્ત્ર અને વૈદિક જ્યોતિષ જેવા વિષયોનું ઊંડાણપૂર્વક જ્ઞાન આપવામાં આવશે. જ્યોતિષમાં રસ ધરાવતા કોઈ પણ જ્ઞાતિ-જાતિના ભાઈ-બહેનો માટે દર રવિવારે સવારે ૯ થી ૧૨ દરમિયાન જાગનાથ મહાદેવ, ખેતીવાડી ખાતે આ વર્ગો યોજાશે. પ્રવેશ અને અન્ય માહિતી માટે ૮૭૮૦૮૮૯૨૧૪ અથવા ૯૪૨૯૨૫૨૬૨૫ પર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

### કપડવંજના કડિયાવાડમાં સરકારી યોજનાઓના કેમ્પમાં અનેક જરૂરિયાતમંદોને લાભ મળ્યો



**કપડવંજ |** કપડવંજ શહેરના વોર્ડ નંબર ૧ના કડિયાવાડ વિસ્તારમાં સ્થાનિકો માટે વિશેષ સરકારી યોજનાઓનો કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં આયુષ્યમાન કાર્ડ, આધારકાર્ડ, પાનકાર્ડ અને ઈ-શ્રમ કાર્ડ જેવી મહત્વની સેવાઓ એક જ સ્થળે પૂરી પાડવામાં આવી હતી. રેશનકાર્ડ કેવાયસી અને પેન્શન યોજનાઓની સુવિધા સ્થળ પર જ મળતા લોકોમાં ભારે ખુશી અને સંતોષ જોવા મળ્યો હતો. આ આયોજન દ્વારા અનેક જરૂરિયાતમંદ પરિવારોએ વિવિધ સરકારી યોજનાઓની માહિતી મેળવી તેનો સીધો લાભ લીધો હતો.

### કપડવંજ એસબીઆઈની મુખ્ય શાખા ખાતે 'માય બ્રાંચ માય એમ્બેસેડર' કાર્યક્રમ યોજાયો



**કપડવંજ |** કપડવંજ સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની મુખ્ય શાખા દ્વારા અભિજીત જોશીના અતિથિ વિશેષ પદે 'માય બ્રાંચ માય એમ્બેસેડર' કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાખા પ્રબંધક ભાર્ગવ વર્માએ બેન્કિંગ પ્રક્રિયા અને ગ્રાહક સુરક્ષા અંગે માર્ગદર્શન આપ્યું હતું, જેમાં શહેરના અગ્રણી ગ્રાહકો અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં હાજર રહેલા ગ્રાહકોએ બેંકની વિવિધ ગ્રાહક સેવાઓને બિરદાવી હતી અને બેંક સાથેના સુરક્ષિત સંબંધો અંગે ચર્ચા કરી હતી. અંતમાં શાખા પ્રબંધકના હસ્તે આમંત્રિત મહેમાનોને સ્મૃતિચિન્હો એનાયત કરવામાં આવ્યાં હતાં.

### કઠલાલના ગાડવેલ ગામે ક્ષત્રિય સમાજ દ્વારા ૫૧ દીકરીના ભવ્ય સમૂહ લગ્ન યોજાયા



**કઠલાલ |** કઠલાલના ગાડવેલ ખાતે શ્રી રામદેવ મંદિરના આંગણે સમસ્ત ગ્રામજનોના સહયોગથી ક્ષત્રિય સમાજના સમૂહ લગ્નનું સુંદર આયોજન કરાયું હતું. આ પ્રસંગે આર્થિક રીતે નબળી અને મા-બાપ વિહોણી ૫૧ દીકરીઓએ વાજતે-ગાજતે પ્રભુતામાં પગલાં માંડ્યા હતા. આ કાર્યક્રમમાં સરપંચ લાલસિંહ ડાભી અને ક્ષત્રિય અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં મહેમાનોએ ઉપસ્થિત રહી નવદંપતીને આશીર્વાદ આપ્યા હતા. દાતાઓના વિશેષ આર્થિક સહયોગ અને ગ્રામજનોના ઉત્સાહ વચ્ચે આ સામાજિક કાર્ય સંપન્ન થયું હોવાનું ફતેસિંહ ઝાલાએ જણાવ્યું હતું.

### આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા નાગલીની વૈજ્ઞાનિક ખેતી અંગે તાલીમ આપવામાં આવી



**આણંદ |** આણંદ કૃષિ યુનિવર્સિટીના સંશોધન કેન્દ્ર દ્વારા ખેડૂતો માટે 'નાગલીની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ' વિષય પર વિશેષ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. દાહોદના મુવાલિયા ફાર્મ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં નિષ્ણાતો દ્વારા નાગલીના પાકની આધુનિક અને વૈજ્ઞાનિક પદ્ધતિઓ વિશે સમજ આપવામાં આવી. આ એક દિવસીય તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂતોને વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવા પ્રોત્સાહિત કરી તેમનું કૃષિ ઉત્પાદન વધારવાનો રહ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ નિષ્ણાતો પાસેથી ખેતીના નૂતન આયામો અને વિવિધ આધુનિક તકનીકો વિશે ઊંડાણપૂર્વક માર્ગદર્શન મેળવ્યું હતું.

### કઠોડામાં ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતી અને સંકલિત પોષણ વ્યવસ્થાપન તાલીમ યોજાઈ



**નડિયાદ |** કઠોડા ગ્રામ પંચાયત ખાતે કૃષિ વિભાગ, આત્મા અને કેવીકેના સંયુક્ત ઉપક્રમે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓ અંગે માહિતગાર કરવા તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. કેવીકેના નિષ્ણાત શંકરસિંહ ઝાલાએ જીવામૃત અને દેશી પદ્ધતિઓ દ્વારા ઓછા ખર્ચે નફાકારક ખેતી કરવા તથા જમીનની ફળદ્રુપતા જાળવવા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. વિસ્તરણ અધિકારી પ્રમોદભાઈ અને CRP નયનાબેન દ્વારા ખેડૂતોને માટી પરીક્ષણનું મહત્વ સમજાવી, જમીનની તંદુરસ્તી માટે સંતુલિત પોષણ અને સરકારી યોજનાઓની માહિતી આપવામાં આવી હતી.

### બાલાસિનોરમાં ભાજપ અગ્રણીએ કાળઝાળ ગરમીમાં છાશ-શરબત વિતરણ કર્યું



**બાલાસિનોર |** મહીસાગર જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના મહામંત્રી કેતનસિંહ ઝાલાના જન્મદિને બાલાસિનોર બસ સ્ટેશન અને મામલતદાર કચેરી ખાતે જનસેવા અર્થે છાશ અને શરબત વિતરણનું આયોજન કરાયું હતું. આ કાળઝાળ ગરમીમાં રાહત આપવા માટે સવારના ૧૦ થી બપોરના ૪ વાગ્યા સુધી મુસાફરો, રાહદારીઓ અને સામાન્ય નાગરિકો માટે ઠંડા પીણાની વ્યવસ્થા કરવામાં આવી હતી.